| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૦૭/૧૦/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | :: | ૦૭/૧૦/૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | :: | ૧૮/૧૦/૨૦૨૨ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૧૧ |

મહીસાગર જિલ્લાના મહેરબાન સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.લુણાવાડા.

***ક્રિમીનલ રીવીઝન અરજી.નં. ૨૭/૨૦૨૨***

**આંક –**

**અરજદાર:–** **હીતેશકુમાર જુવાનસીહ ઝાલા**
**રહે.**મુ.પો.ઘઉંઆ,
તા.કપડવંજ જી.ખેડા.

**વિરૂધ્ધ**

**આરોપી:–** **દરજી અમીત રસીકલાલ**
**રહે.**દરજી બજાર,નીશાળ ચોક પાસે,
મુ.પો.બાલાશીનોર જી.મહીસાગર.

**બાબત:–** **બાલાશીનોરના વિ.જ્યુ.મેજી.ફ.ક.નાએ કિ.કે.નં.૧૫૮૩/૨૧ ના કામે તા.૨૪/૦૮/૨૨ ના રોજ આંક–૧૨ લગત કરેલ હુકમ સામે રીવીઝન અરજી..**

| |
|---|
| અરજદાર તર્ફે વિ.વ.શ્રી.**ડી.જે.પ્રજાપતિ** |
| સમાવાળા તર્ફે વિ.ડી.જી.પીશ્રી **એ.જે.પારેખ.** |

**–:: જ જ મે ન્ટ ::–**

(૧) આ અરજીના પક્ષકારોને મુળ અરજીના પક્ષકારો તરીકે સંબોધવામા આવશે.

(૨) આ કામે રીવીઝન અરજીની વીગત એવા પ્રકારની છે કે બાલાશીનોરના વિ.જ્યુ.મેજી.ફ.ક.શ્રી એ ક્રિ.કે.નં.૧૫૮૩/૨૧ ના કામે તા.૨૪/૮/૨૨ ના રોજ હુકમ કરી સામાવાળાની આંક ૧૨ લગતની અરજી મંજૂર કરતા તે હુકમથી નારાજ થઈ હાલ આ રીવીઝન અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) હાલની અરજીના અનુસંધાને મુળ અરજીની હકીકત એવી છે કે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ધ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબબ ફરીયાદ કરેલ અને ત્યારબાદ આરોપી કેસની ટ્રાયલ આગળ ચલાવતા ન હોય ફરીયાદીએ વિ.ટ્રાયલ કોર્ટમાં આંક ૧૨ થી અરજી આપી આરોપી પાસે ચેકની રકમના ૨૦% રકમ ફરીયાદીને અપાવવા અથવા નામ.કોર્ટમાં જમા કરાવવા માટે આદેશ કરવા અરજી આપેલ છે જે અરજી લગત વિ.ટ્રાયલ કોર્ટે આરોપીને ચેકની રકમના ૧૫% રકમ ફરીયાદીને ૬૦ દીવસમાં વચગાળાના વળતર પેટે ચુકવી આપવા માટે હુકમ કરેલ અને તે હુકમ વિરુધ્ધ હાલની રીવીઝન અરજી કરેલ છે.

(૪) હાલની રીવીઝન અરજીના કારણો પ્રત્યે જણાવેલ છે કે નીચલી અદાલતે હુકમ કરવામાં કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ છે અને નીચેની કોર્ટે કાયદાનુ યોગ્ય મુલ્યાંકન કરેલ નથી અને ખોટુ અર્થઘટન કરી સામાવાળાની અરજી મંજુર કરેલ છે જે હુકમ ક્ષતીયુકત હોય અરજદારની હાલની રીવીઝન અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) અરજદારના વિ.વ.શ્રી.એ રજુઆત કરતા જણાવેલ છે કે આરોપી ગરીબ વ્યકિતછે તેની પાસે વિ.ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ મુજબની રકમ ભરવા કોઈ સગવડ થઈ શકે તેમ નથી વિ.ટ્રાયલ કોર્ટે કાયદાનુ યોગ્ય અર્થઘટન કર્યા સીવાય અને ફરીયાદીની કોર્ટ સમક્ષની વતૂર્ણકને ધ્યાને લીધા સીવાય અને કુદરતી ન્યાય નીતીના સિધ્ધાંતો વિરુધ્ધ જે હુકમ કરેલ છે તે ગેરકાયદેસર અને ક્ષતિયુકત હોય સદર હુકમમાં હસ્તક્ષેપ કરી રદબાતલ ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૬) સામાવાળાના વિ.વ.શ્રી.એ રજુઆત કરતા જણાવેલ છે કે ફરીયાદીએ નવેમ્બર ૨૦૧૧ માં સોગંદ ઉપરની સરતપાસ આપી દીધેલ હોવા છતા આરોપી યેનકેન પ્રકારે કેસની ટ્રાયલ લંબાવે છે અને આ હકીકતની નોંધ વિ.ટ્રાયલ કોર્ટે પણ કરેલ છે. આમ આરોપી દ્વારા જ કેસની ટ્ ાયલ વિલંબમાં નાખતા હોય કાયદમાં જણાવ્યા પ્રમાણે વચગાળાની વળતરની રકમ ફરીયાદીને ચુકવવાનો જે હુકમ વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા કેરલ છે તે યોગ્ય વ્યાજબી અને કાયદેસરનો હોય તેમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરુરી જણાતો ન હોય અરજદારની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૭) આ કામે રીવીઝન અરજીની વીગત તથા રજુ થયેલ દસ્તાવેજી આધાર વંચાણે લીધા તેમજ બંને પક્ષની દલીલો સાંભળી. આ કામના ન્યાયીક નીર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

૧. શુ બાલાશીનોરના વિ.જયુ.મેજી.ફ.ક.શ્રી એ ક્રિ.કે.નં.૧૫૮૩/૨૧ ના કામે તા.૨૪/૮/૨૨ ના રોજ આંક ૧૨ ની ફરીયાદીની અરજી પર કરેલ હુકમ ગેરકાયદેસર,અયોગ્ય કે ક્ષતીયુકત છે ?

૨. શુ હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નીચે મુજબના જવાબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

## કારણો

**મુદ્દા નં. ૧ અને ૨**

(૯) ફરીયાદીએ આરોપી વિરુધ્ધ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ જે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ફરીયાદ કરેલ તેમાં આરોપી કેસી ટ્રાયલ ચલાવવામાં વીલંબ કરતા હોય આ કાયદાની કલમ ૧૪૩(એ) અન્વયે રજુ કરેલ ચેકની રકમના ૨૦% રકમ ફરીયાદીને અપાવવા માટે આરોપીને આદેશ કરવા માટે આંક ૧૨ થી અરજી આપેલ છે.

(૧૦) આ કામે ફરીયાદી દ્વારા જે વિ.ટ્રાયલ કોર્ટમાં આ કાયદાની કલમ ૧૪૩(એ) અન્વયે જે અરજી આપેલ છે તેની જોગવાઈ નીચે મુજબ છે.

**Sec.143A -- Power to direct interim compensation**

1. Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, the Court trying an offence under section 138 may order the drawer of the cheque to pay interim compensation to the complainant—

   (a) in a summary trial or a summons case, where he pleads not guilty to the accusation made in the complaint; and

   (b) in any other case, upon framing of charge.

2. The interim compensation under sub-section (1) shall not exceed twenty percent of the amount of the cheque.
3. The interim compensation shall be paid within sixty days from the date of the order under sub-section (1), or within such further period not exceeding thirty days as may be directed by the Court on sufficient cause being shown by the drawer of the cheque.
4. If the drawer of the cheque is acquitted, the Court shall direct the complainant to repay to the drawer the amount of interim compensation, with interest at the bank rate as published by the Reserve Bank of India, prevalent at the beginning of the relevant financial year, within sixty days from the date of the order, or within such further

period not exceeding thirty days as may be directed by the Court on sufficient cause being shown by the complainant.

5. The interim compensation payable under this section may be recovered as if it were a fine under section 421 of the Code of Criminal Procedure, 1973.
6. The amount of fine imposed under section 138 or the amount of compensation awarded under section 357 of the Code of Criminal Procedure, 1973, shall be reduced by the amount paid or recovered as interim compensation under this section.

**(૧૧)** કાયદાની આ જોગવાઈ જોતા તેમાં એવુ સ્પષ્ટ ઠરાવેલ છે કે વિ.ટ્રાયલ કોર્ટ આ જોગવાઈ અનુસંધાને આરોપીને ચેકની રકમના ૨૦% રકમ જમા કરાવવા માટે અથવા આરોપી ફરીયાદીને ચુકવી આપવા માટે આદેશ કરી શકશે આ જોગવાઈમાં શા કારણસર અથવા તો કયા સંજોગોમાં આવો હુકમ કરી શકશે તેવુ જણાવેલ નથી પરંતુ કાયદાની આ જોગવાઈનો ઉદેશ એ છે કે આરોપી જો કેસની ટ્રાયલ વિલંબમાં નાખતા હોય તો આવી આરોપીની તરકીબને રોકવા અને ફરીયાદીના કેસની ટ્રાયલ નિર્ધારીત સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે આ જોગવાઈ મુજબનો હુકમ કરી શકે નામ. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર મુજબ પણ આ કાયદાની કલમ ૧ ૩૮ની ટ્રાયલ છ માસમાં પુરી કરવાની હોય છે આથી જો આરોપી કેસની ટ્રાયલ વિલંબમાં નાખતા હોય તો ચોકકસ પણે આવો હુકમ કરી શકાય.

**(૧૨)** આ કામે અરજદાર/આરોપી દ્વારા હાલની અરજી દાખલ કરતા વિ.ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ મંગાવેલ છે.તે કેસનુ રોજકામ જોતા અને ફરીયાદીના વિ.વ.શ્રી.ની રજુઆત જોતા અને આંક ૧૨ લગત વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા કરેલ હુકમ માં જણાવેલ કારણો જોતા ફરીયાદી દ્વારા સરતપાસનુ સોગંદનામુ નવેમ્બર ૨૦૨૧ માં આપી દીધેલ છે પરંતુ આરોપી યેનકેન પ્રકારે કેસની ટ્રાયલ આગળ ચલાવતા નથી જે કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય નહી.

**(૧૩)** આમ આરોપી દ્વારાજ કેસની ટ્રાયલ ચલાવવામાં વિલંબ કરતા હોય અને ફરીયાદીની ઉલટતપાસ કરતા ન હોય વિ.ટ્રાયલ કોર્ટે આ કાયદાની ઉપર મુજબની જોગવાઈનો ઉદેશ તથા મેસર્સ ગીન્ની ગારમેન્ટ એન્ડ અનધર વીરુધ્ધ સેથી ગારમેન્ટ ના ચુકાદાને ધ્યાને લઈને જ આરોપીને ચેકની રકમના ૧૫% રકમ ફરીયાદીને ચુકવવાનો યોગ્ય અને કાયદેસરનો હુકમ કરેલ છે.

**(૧૪)** આરોપી દ્વારા જે તેઓ ગરીબ હોવાની રજુઆત કરેલ છે તે આ તબબકે ચાલી શકે નહી અને કાયદો ઘડતા સમયે તેના ઘડનારે આ તમામ હકીકત ધ્યાને લઈને જ ઉપરોકત

જોગવાઈ કરેલ છે આ ઉપરાંત આરોપીએ જો કેસની ટ્રાયલ વિલંબમાં નાખેલ ન હોત તો આવો હુકમ કરવાનો વિ.ટ્રાયલ કોર્ટને પ્રસંગ ઉપસ્થિત થયેલ ન હોત કે ફરીયાદીએ પણ આવી અરજી આપવાનો પ્રસંગ ઉપસ્થિત થયેલ ન હોત આરોપી દ્વારા આ હુકમ કઈ રીતે ગેરકાયદેસરનો છે તે બતાવી શકેલ નથી આરોપી ગરીબ છે તેટલા માત્ર કારણથી આ હુકમ ગેરકાયદેસર હોવાનુ કહી શકાય નહી. આરોપી તર્ફે જે એવી રજુઆત થઈ છે કે વિ.ટ્રાયલ કોર્ટે કાયદાનુ યોગ્ય અર્થઘટન કરેલ નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા પ્રમાણે વિ.ટ્રાયલ કોર્ટે કાયદાનુ યોગ્ય જ અર્થઘટન કરેલ છે.

(૧૫) આમ વિ.ટ્રાયલ કોર્ટે જે ફરીયાદીની આંક ૧૨ ની અરજી મંજુર કરતો હુકમ કરેલ છે તે હુકમ ગેરકાયદેસર,ગેરવાજબી અને ક્ષતીયુકત હોય ન હોય તેમાં હસ્તક્ષેપ કરી રદ બાતલ ઠરાવવાને પાત્ર ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારાત્મકમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

(૧) આથી હાલની ફોજદારી રીવીઝન અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૮ મી માહે ઓકટોબર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૧૦/૨૦૨૨
લુણાવાડા.

**(એચ.એ.દવે)**
સેશન્સ જજ, લુણાવાડા. જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૩૮૫

એમ.એ.કાદરી.
ગુજ.સ્ટેનો.